# સરકી લીમડી ગામે આદિવાસી યુવાનનો ઝાડ પર લટકતો મૃતદેહ મળતા ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

## ઘટનાસ્થળે અંદાજે પાંચ હજાર આદિવાસીઓનું ટોળુ ઉમટી પડ્યું : મૃતકના પરિવારજનોએ આરોપી ન પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર

મોડાસા, તા. ૨૪

શામળાજી નજીકના સરકી લીમડી ગામની સીમમાંથી આદિવાસી યુવાનનો ઝાડ પર લટકતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી અને સબંધીઓના ટોળા ઉમટી પડતા મામલો ઉગ્ર બન્યો હતો. ઘટનાની પરિસ્થિતિ જોતા પોલીસતંત્રએ પોલીસ કાફલો ખડકી દીધો હતો. જો કે પરિવારજનોએ મૃતદેહનો સ્વીકાર ન કરતા પોલીસતંત્ર સાબદુ બની ગયું હતુ.

આધારભુત સૂત્રોના જણાવ્યા અનુસાર નવાગામ (ભડવચ) ગામનો યુવાન જીતેન્દ્રભાઈ હિરાભાઈ મનાત (ઉં.વ. ૧૯) ૨૨ તારીખ બુધવારે સાંજના ૪ વાગ્યાના સુમારે છત્રાલ(કલોલ)માં ખાનગી કંપનીમાં ફરજ બજાવતો હોવાથી ફરત પર જવા ઘરેથી નીકળ્યો હતો. આ યુવાનનો મૃતદેહ બીજા દિવસ ગુરૂવારે સવારે સરકી લીમડી ગામની સીમમાંથી ઝાડ પર લટકતો મળી આવતા આ અંગે જવાબદાર પોલીસતંત્ર દ્વારા મૃતક યુવાના પરિવારજનોને કરતા ગુરૂવારે પરિવારજનો અને સગાસંબંધીઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને પોલીસતંત્રને જ્યાં સુધી મોત અંગે ચોક્કસ કારણ જાણવા ન મળે ત્યાં સુધી મૃતદેહ ઝાડ પરથી ઉતારવાની ના પાડતા પોલીસ મુંઝવણમાં મુકાઈ ગઈ હતી. બીજીબાજુ આદિવાસી યુવાનનો મૃતદેહ ઝાડ પર લટકતો હોવાની જાણ આદિવાસી સમાજના રહિશોને થતા શુક્રવારે વહેલી સવારથી જ ઘટનાસ્થળે મોડી સંખ્યામાં ૫૦૦૦થી વધુ આદીવાસીઓ આવી ચડતા પરિસ્થિતિ કાબુમાં લેવા અને કોઈ અન્ય ઘટના ના બને તે માટે મોટી સંખ્યામાં ૧૮ થી વધુ પોલીસ વાહનોમાં પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. અને પોલીસતંત્ર દ્વારા ડોગ સ્કવોડ પણ બોલાવવામાં આવી હતી. પરંતુ મૃતક યુવાનનું નક્કર કારણ ઉકેલવામાં સાવચેતી દાખવી રહેલી પોલીસ સામે આદિવાસી સમાજના લોકો અને મૃતક પરિવારજનોએ રોષ ઠાલવી મૃતક યુવાનનો મૃતદેહ ઘટનાસ્થળે મુકી ઘટનાસ્થળેથી તેમના ઘરે પાછા જતા રહેતા પોલીસતંત્ર દ્વારા મૃતક યુવાનનો મૃતદેહનો કબ્જો મેળવી મૃતદેહ શામળાજી પોલીસ દ્વારા શામળાજી રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૃતકના પરિવારજનોએ મૃતદેહનો સ્વીકારવાની કે ફરીયાદ કરવાની ટાળતા પોલીસતંત્ર માટે આ મામલો પેચીદો બની ગયો છે.



## પ્રાંતિજના તખતગઢમાં વિજ કરંટ લાગતાં ૪૮ વર્ષના ઈસમનું મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તખતગઢમાં રહેતા રમેશભાઈ કિરણભાઈ પટેલ ઉ.વર્ષ -૪૮ કે જેવોને પોતાના ઘરમા તા .૨૪-૬-૨૦૧૬ને શુક્રવારના રોજ ૧૦.૩૦ કલાકે વિજકરંટ લાગતાં તેમણે તખતગઢ ખાતે આવેલ પી.એચ.સી ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં જયાં હાજર તબીબી આસ્થા ત્રિવેદી દ્વારા મૃત જાહેર કર્યા હતાં અને આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કરતાં પોલીસે ફરીયાદ લખી આગળની તપાસ હાથ ધરી હતી.



## અરવલ્લી જિલ્લામાં બીએસએનએલની સેવા ખોરવાતા મોબાઈલ ઈન્ટરનેટ સેવા ઠપ્પ

અરવલ્લી જિલ્લામાં બીએસએનએલની સેવાઓ વારંવાર ખોરવાઈ જતા બીએસએનએલના ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. શુક્રવારે જિલ્લામાં બીએસએનએલની મોબાઈલ સેવા સવારથી જ ઠપ્પ થઈ જતા મોબાઈલ શોભાના ગાંઠીયા સમાન બની ગયા હતા. મોબાઈલ સેવાની સાથે સાથે ઈન્ટરનેટ સેવા પણ ઠપ્પ થઈ જતા પ્રવેશ માટે ઓનલાઈન પ્રક્રિયા ખોટકાઈ જતા વિદ્યાર્થીઓ તેમજ ઉમેદવારો તોબા પોકારી ઉઠ્યા હતા. ચોમાસાના પ્રારંભથી જ બીએસએનએલ તંત્રના ધાંધીયા શરૂ થતા ગ્રાહકો સમસમી ઉઠ્યા હતા.

# પોલીસની મહેરબાનીથી ધમધમતા દારૂના અડ્ડા : બુટલેગરો બેફામ

## અરવલ્લીમાં માત્ર બુટલેગરોના જ અચ્છે દિન આવ્યા હોય તેવું લાગે છે

બાયડ, તા. ૨૪

ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી કે દારૂ છુટ્ટી ? અરવલ્લી જિલ્લામાં દિન-પ્રતિદિન કાયદો વ્યવસ્થા નબળી પડતી જાય છે. પોલીસની ખાખી ગણવેશની બીક બુટલેગરોને હવે લાગતી નથી તેવુ જિલ્લામાં ચાલતા દારૂના અડ્ડાથી દેખાઈ આવે છે. જિલ્લામાં બાયડ, મોડાસા, ભિલોડા, મેઘરજ અને માલપુરમાં ચાલતા દારૂના અડ્ડાઓ સાબિત કરે છે.

અરવલ્લી જિલ્લામાં જેમ દુકાનો, મોલ, શોપીંગ સેન્ટરોનું ઉદ્‌ઘાટન થતું હોય તેમ હવે બાયડ તાલુકાના ગાબટ મુકામે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમયે એક લાખ રૂપીયાનો દારૂ ફ્રી ઓફ વેચવામાં આવ્યો હતો. આટલુ મોટુ ઉદ્‌ઘાટન બાયડ પોલીસ અને અરવલ્લી ડીએસપીની મહેરબાની વગર શક્ય ન બને.

શુ ખાખી ગણવેશ પૈસા લેવામાં માનતી થઈ ગઈ છે કે શુ ? એક પુર્વ બુટલેગરો ગુપ્ત માહિતી આપી છે કે ગાબટ ખાતે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ સામે પાણીની ટાંકી નીચે ખુલ્લેઆમ ઝુંપડી બાંધી ટુંણાદરના બાપુ દારૂ વેચી રહ્યો છે. તે અડ્ડાવાળાનો હપ્તો ડીએસપીને માસીક ૫ લાખ





આપવામાં આવે છે. અને બાયડ રેલવે ફાટક પાસે આવેલ નામચીન બુટલેગરોના અડ્ડાનો હપ્તો ડીએસપીને ૭ લાખ કરતા પણ વધુનો છે. તેવું પુર્વ બુટલેગરે જણાવ્યું હતુ.

બાયડ રેલવે ફાટક પાસે તો બુટલેગરોના અડ્ડામાં જે બ્રાન્ડનો દારૂ માંગો તે બ્રાન્ડ હાજર થાય અને લાઈટીંગમાં પણ નોનવેજ, ફાસ્ટફુડ અને ચીઝ જેવી વસ્તુઓ પણ હાજર થાય છે. બુટલેગર દ્વારા જાહેરમાં બીયરબાર ઉભો કરવામાં આવ્યો છે. આ બધી તાકાત આ બુટલેગોરમાં ક્યાંથી આવી ? આના પાછળ ગૃહ વિભાગનો પણ હાથ હોવાનુ મનાય છે.

### આ બધાની સત્તા નકામી છે કે શું ?

ડીએસપી, કલેક્ટર, પોલીસ, મામલતદાર અને સર્કલ ઓફિસરને છે સત્તા આવા કુટરખાના બંધ કરવાની તેમ છતાં આ બધા કેમ છે મૌન ?

બાયડ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં બુટલેગરોની મહેમાન ગતિ કરવામાં આવે છે અને મેનેજરની ઓફિસમાં ઠંડા પીણાનું સેવન કરવામાં આવે છે તેવું નગરમાં ચર્ચાઈ રહ્યું છે, આ પાછળનું રહસ્ય શું ?

### ગૃહ વિભાગની બુટલેગરોની સાથે સાંઠગાંઠ છે કે શું ?

ગાંધીનગર રેન્જ ડીઆઈજી કેમ મૌન સેવીને બેઠા છે ? હપ્તા રાજે કેમ કાયદાકીય પગલાં લેવાનું બંધ કર્યુ કે શું ?

બાયડ પોલીસ સ્ટેશન ૧૦૦ થી ૨૦૦ મીટરના અંતરમાં દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ અને વરલી મટકાના અડ્ડા ચાલી રહ્યા છે. બાયડ પીએસઆઈ ગાંધીજીના વાંદરાની જેમ ના કંઈ સાંભળ્યું ના કંઈ જોયું તેવું પીએસઆઈનું નરમ વલળવાળુ ચિત્ર દેખાઈ રહ્યું છે.

અરવલ્લી જિલ્લામાં ખેડૂતો દ્વારા ખેતરમાં જેમ પાક ઉગી નીકળે છે તેમ જિલ્લામાં રાતોરાત બુટલેગરો નવા ફુટી નીકળ્યા છે. આવા બુટલેગરો જે જાણે કાયદાની બીક ન હોય તેવું દેખાઈ રહ્યું છે.

રાજ્ય ગૃહમંત્રી અને જિલ્લા પ્રભારી રજનીભાઈ પટેલના પ્રભારી વિસ્તારમાં ચાલતા ઠેર ઠેર દારૂના અડ્ડાઓથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ગુજરાત સરકાર અચ્છે દિનના વાયદા જોર શોર બોલે છે. તે માત્ર ને માત્ર દારૂવાળા, વરલીમટકાવાળા અને વૈશ્યાવૃત્તિ ચલાવતા ગેસ્ટ હાઉસો વાળાઓ માટે જ અચ્છે દિન સાબિત થયું છે.

જિલ્લામાં યુવાધન બરબાદ થવાના આરે છે તેમ છતાં ડિએસપીને અને પીએસઆઈને પોતાની મિલ્કત બનાવવા અને પોતાની તિજોરી ભરવામાં જ રસ છે તેવું દેખાઈ છે. જો દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી યુવાધનની વાતો કરે છે અને તેમની સરકારમાં જ અધિકારીઓ બુટલેગરોને છાવરે છે શું આ છે 'અચ્છે દિન' ?





## મોંઘવારીથી પ્રજાજનો ત્રસ્ત, કરો હવે ભાજપનો અસ્ત

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં કોંગ્રેસના હોદેદારો અને કાર્યકરો ધ્વારા સતત વધતી મોંઘવારી સંદર્ભે રેલીનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતી પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર,ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, અરવલ્લી જીલ્લા પંચાયત શિક્ષણ સમિતી ચેરમેન શુભેન્દ્રસિંહ સિસોદીયા, ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતી પ્રમુખ બલભદ્રસિંહ ચંપાવત, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ કુંદનબેન ડામોર, ઉપપ્રમુખ તુલસીભાઈ પાંડોર, કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, વનરાજભાઈ ડામોર સહિત કોંગ્રેસના હોદેદારો, કાર્યકરો મોંઘવારી સંદર્ભેની રેલીમાં જોડાયા હતા. અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતીના હોદેદારો અને કાર્યકરોએ જણાવ્યું હતું કે દિન-પ્રતિ-દિન મોંઘવારી વધતાં આક્રોશ વ્યક્ત કરી સુત્રોચ્ચાર પોકાર્યા હતા. શિક્ષણ મોંઘુ, પેટ્રોલ-ડિઝલ મોંઘું, શાકભાજી મોંઘી, અનાજ-કઠોળ મોંઘું, વીજળી મોંઘી, તેલ મોંઘું સહિત વિવિધ ચીજવસ્તુઓના ભાવમાં ધરખમ ભાવ વધારા સંદર્ભે વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. અસહ્ય મોંઘવારીના કારણે પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભાજપના રાજમાં પ્રજાજનો ત્રસ્ત, ભાજપનો હવે અસ્ત, હાય રે ભાજપ હાય હાય ના સુત્રોચ્ચારો વચ્ચે રાજ્ય સરકાર વિરોધી બેનરો અને પોસ્ટરો, પ્રદર્શીત કરી રેલી કાઢી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો.

## ધાનેરામાં પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે તંત્ર સાબદુ બન્યુ

ધાનેરા, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા વિસ્તાર ચોમાસા દરમ્યાન કોઈ પાણીજન્ય રોગચાળો ન ફાટી નીકળે તે માટે ધાનેરાનું સ્થાનિક તંત્ર જાગૃત બની ખાણી-પીણી તેમજ મિનરલ પાણીના પ્લાન્ટ પર દરોડા કરી દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

ચોમાસામાં કોઈ પણ જાતનો પાણી જન્ય રોગચાળો ન ફાટી નીકળે તે માટે આજે ધાનેરા તાલુકા હેલ્થ વિભાગ મામલતદાર મોડસીંગ, નગરપાલિકાની સાથે વિવિધ પાંચ ટીમો બનાવી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ધાનેરા શહેરમાં આવેલી ખાણી-પીણી તેમજ મિનરલ પાણીના પ્લાન્ટ પર દરોડા પાડી વિવિધ વસ્તુના સેમ્પલો લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને વિવિધ જગ્યા પર સફાઈ ન રાખનારને દંડ પણ વસુલ કર્યો હતો. તંત્રની આ કામગીરીને ધાનેરાના લોકોએ બિરદાવી હતી.

## નીચીધનાલની યુવતીને કચરા બાબતે માર મારતા ચાર વિરૂદ્ધ ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા તાલુકાના નીચીધનાલ ગામે સવારે કચરો અને ગંદકી ન કરવાનું કહેવા જતાં ચાર ઈસમોએ ગડદાપાટુનો માર મારતા ચાર વ્યક્તિઓ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાઈ હતી.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર નીચીધનાલ ગામની ગીતાબેન જેઠાભાઈ પટેલ પોતાના ઘર પાછળ ખેતરનો ખુલ્લો ભાગમાં સાફસફાઈ કરતા હતા ત્યારે બાજુમાં રહેતા રાઘુભાઈ મોતીભાઈ પટેલ તથા તેમના ભાઈ નટુભાઈ મોતીભાઈ પટેલના ઘરનો કોટ આવેલ હોઈ તેમના ઘરના પાણીના નિકાલ માટે કોટની અંદર પાઈપ નાખી બાજુમાં જેઠાભાઈના ખેતરમાં પાણી નીકાલ કરતા હતા. વરસાદથી તેમના ઘરનો ગંદવાડ તથા વધારાનું પાણી જેઠાભાઈના ખેતર બાજુ આવતા પાછળ જવાની પરિસ્થિતિ ન રહેતા જેથી જેઠાભાઈએ તેઓને પાણીનો નિકાલ આગળની બાજુ કરવા કહેતા તેઓ એકદમ ઉશ્કેરાઈ જઈ બિભત્સ ગાળો બોલવા લાગેલ જેથી ગીતાબેને તેમને ગાળો ન બોલવાનું જણાવતા રાજુભાઈ રાઘુભાઈ ઘરમાંથી લાકડી લઈ આવતા ગીતાબેન તેમના ભાઈ યોગેશભાઈને બોલાવા જતા રાજુભાઈએ તેમના હાથમાંની લાકડી ગીતાબેનના ડાબા હાથ પર મારતા ગીતાબેન પડી જતાં રાઘુભાઈ મોતીભાઈ પટેલ તથા નટવરભાઈ મોતીભાઈ પટેલ, કલ્પેશભાઈ નટવરભાઈ ત્રણેય ભેગા મળી ગડદાપાટુનો માર મારવા લાગતા ગીતાબેન બુમાબુમ કરતા અમારા કુટુંબી પરેશભાઈ સવજીભાઈ પટેલ તથા રમણભાઈ તેજાભાઈ પટેલ અને બીજા માણસો આવી જતા ગીતાબેનને છોડાવેલ ત્યારે તે લોકો જતા જતા કહેતા હતા કે આજે તો બચી ગઈ છે હવે પછી પાણીના નિકાલ બાબતે વાત કરી છે તો જાનથી મારી નાખીશુ. આમ કહી જતા રહેલ અને ગીતાબેનના સગાઓએ તેમને સારવાર અર્થે ઈડર મુકામે લઈ ગયા હતા. ગીતાબેને ચાર ઈસમો વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

## મોડાસાના બિલ્ડરને ચેક રિટર્ન કેસમાં ૧ વર્ષની સજા

મોડાસા શહેરના એક બિલ્ડરે પોતાની સ્કીમ ચાલતી હોવાથી મજૂરોને પગાર કરવા માટે એક વ્યક્તિ પાસેથી ૪ લાખ રૂપિયા હાથ ઉછીના લીધા હતા જે નિયત સમય મર્યાદામાં બિલ્ડરે પરત ન કરતાં આ અંગેની ચેક રિટર્નની ફરિયાદના આધારે મોડાસાની મોડાસાની એડીશનલ ચીફ મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ ચાલી જતા કોર્ટે આરોપીને ૧ વર્ષની કેદ તથા ૨.૯૫ લાખ રૂપિયા વળતર તરીકે ચૂકવવાનો હૂકમ કર્યો છે. મોડાસામાં બિલ્ડર તરીકે વ્યવસાય કરતા કેતન સુરેશચંદ્ર પટેલ (રહે. નાલંદા ટાઉનશીપ, હાલ આનંદપુરા કંપા) એ પોતાની સ્કીમ ડુંગરપુર મુકામે ચાલે છે. તેમ કહી મજૂરોને પગાર ચૂકવવા માટે મોડાસાના નીરવ ડાહ્યાલાલ સુથાર પાસેથી હાથ ઉછીના ૪ લાખ રૂપિયા લીધા હતા. આ રૂપિયા નિયત સમયમર્યાદામાં બિલ્ડર કેતન પટેલે પરત ન કરી ૪ લાખનો ચેક આપ્યો હતો. જે બેંકમાં રજૂ કરતાં અપુરતા બેલેન્સને લઈને પરત ફર્યો હતો. આ અંગેની ચેક રિટર્નની ફરિયાદ ૧૩૮ મુજબ મોડાસાની એડીશનલ ચીફ મેજીસ્ટેટની કોર્ટમાં દાખલ થયો હતો. જેની ધારદાર દલીલો સાથે ચાલી જતાં એડીશનલ ચીફ મેજીસ્ટેટ એન.એન. પાથરે આરોપી કેતન સુરેશચંદ્ર પટેલને ૧ વર્ષની કેદની સજા તથા ૨.૯૫ લાખ રૂપિયા ફરિયાદીને ચુકવી આપવા હૂકમ કર્યો છે.



જીલ્લા મથક પાલનપુર ખાતે પાલનપુર શહેર ભાજપ દ્વારા શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસની ઉજવણીના ભાગરૂપે પાલનપુર સિવિલ હોસ્પિટલના ગરીબ દર્દીઓને ફ્રૂટ તેમજ બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સિવિલ હોસ્પિટલના જુદા જુદા વોર્ડના દર્દીઓને ભાજપના કાર્યકર્તાઓ અને આગેવાનો હાજર રહી દર્દીઓને બિસ્કીટ અને ફ્રૂટ આપવામાં આવ્યા હતા. જો કે મહત્વ એ છે કે શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસની ઉજવણીના આ કાર્યક્રમમાં પાલનપુર સિવિલમાં ફ્રૂટ અને બિસ્કીટ જથ્થા કરતા ભાજપના કાર્યકતાઓની સંખ્યા વધારે જોવા મળી હતી. આ પ્રસંગે પાલનપુર શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા, પાલિકા પ્રમુખ નીલમબેન જાની, ઉપપ્રમુખ અશોકભાઈ ઠાકોર, પૂર્વ ધારાસભ્ય કાંતિલાલ કચોરિયા, દિનેશ પંચાલ, કુમુદબેન જોષી સહિત ભાજપ કાર્યકર્તા મોટી સંખ્યામાં હાજર રહયા હતા. પાલનપુર શહેર ભાજપના પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા સાથેની વાતચીતમાં શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ પર વિશેષ પ્રકાશ પડ્યો હતો.

## તલોદ સાયન્સ કોલેજને કેમેસ્ટ્રી વિષયનો સેલ્ફ ફાઈનાન્સ વર્ગની યુનિવર્સિટીની મંજૂરી

તલોદ, તા. ૨૪

તલોદની એસ.એમ. પંચાલ સાયંસ કોલેજમાં સને જૂન-૨૦૧૬-૧૭ના વર્ષથી કેમેસ્ટ્રી વિષયનો સેલ્ફ ફાઈનાન્સના વર્ગનો વધારો મંજૂર કરવા અંગેની કોલેજના વહીવટદાર દ્વારા માંગણીના સંદર્ભમાં યુનિવર્સિટી સત્તા મંડળ અને યુનિવર્સિટીના કુલપતિ, ઉપકુલપતિએ અને રજીસ્ટ્રારના સ્વવિત્ત ધોરણે ચાલનાર વર્ગને મંજૂરી આપી છે.

કોલેજના વહીવટદાર સમક્ષ તલોદ-પ્રાંતિજ વિસ્તારના વાલીઓ-વિદ્યાર્થીઓ અને જુદા જુદા શિક્ષણહિત સાથે સંકળાયેલ આગેવાનોએ સેલ્ફ ફાઈનાન્સ વર્ગની મંજૂરી મેળવવા માટે રાવ નાંખવામાં આવી હતી. તેના પગલે વહીવટદારે વિદ્યાર્થીઓના પ્રવેશના મામલે પડતી મુશ્કેલીઓ અને ઘરઆંગણે યુજીસીના ચોઈઝ બેઈઝડ ક્રેડિટ સિસ્ટમનો વિદ્યાર્થીઓને મહત્તમ લાભ મળે અને વાલીઓને અન્યત્ર દુરના સ્થળે શિક્ષણ લેવા જતાં આર્થિક વધારાનો બોજ ઉઠાવવો ન પડે તે માટે તાકીદે નિર્ણય કરી યનિવર્સિટી સત્તા મંડળને પોતાની દરખાસ્ત મોકલી આપી હતી. આ બાબતે યુનિવર્સિટીએ પત્રથી કોલેજના વહીવટદારને ડિવીઝન મંજૂરી આપતો પત્ર મોકલી આપ્યો છે. જેની જાણ થતાં વાલી-વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી ફરી વળી છે.

આ સંદર્ભે કોલેજના વહીવટદાર ડૉ. જે.સી. પટેલે યુનિવર્સિટી સંવાહકો અને મા. કુલપતિ રતનલાલ ગોદારા અને ઉપકુલપતિ દિપુબા દેવડા અને રજીસ્ટ્રાર ડી.એમ. પટેલનો આભાર પ્રગટ કર્યો હતો. સેલ્ફ ફાઈનાન્સ વર્ગમાં શિક્ષણ લેવા માંગતા વિદ્યાર્થીઓને પ્રવેશ લઈ લેવા માટે કોલેજના સૂત્રો દ્વારા જણાવવામાં આવે છે.

# મજરા પાસે બસમાંથી પાકિટમાર રંગેહાથે ઝડપાયો

## સ્થાનિક લોકોએ મેથીપાક આપીને પોલીસને હવાલે કર્યો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ મજરા ચોકડી ઉપર ચાલું બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરોના પાકિટ મારતો પાકિટમાર ચોર રંગેહાથે ઝડપાઈ જતાં પાકીટમાર ચોરને મેથીપાક આપ્યાં બાદ પોલીસ ને હવાલે કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના મજરા ચોકડી ઉપર અમદાવાદ-હિંમતનગર તરફ જતી ચાલું બસમાં મુસાફરોનાં ખિસ્સામાંથી સહેલાઈથી પાકિટ ચોરી કરતો પાકિટમાર રંગેહાથે ઝડપાઈ આવતાં બસને મજરા ચોકડી પાસેજ ઉભી કરવામાં આવી હતી અને સ્ટેન્ડ ઉપર બુમાબુમ થતાં ત્યાંથી પ્રસાર થતાં લોકો અને આજુબાજુમાં આવેલ દુકાનોના વેપારીઓ દોડી આવ્યા હતાં અને પાકિટચોરને મેથીપાક આપ્યાં હતો જયારે પાસે આવેલા અન્ય બે પાકિટ મારો મોકો મળતાં સ્થળ ઉપરથી ભાંગી ગયા હતા અને પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પ્રાંતિજ પોલીસ ધટનાસ્થળે દોડી આવી હતી અને પાકિટચોરને લોકોએ પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો.